# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SAPLING DIALOGUE 2026

ખાદ્ય અર્થતંત્રમાં પરિવર્તન લાવવાના એક મહત્વના પ્રયાસમાં, કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાને આજે અમદાવાદ ખાતે SAPLING સંવાદ 2026નું ઉદ્ઘાટન કર્યું. "અનલોકિંગ વેલ્યુ: એડવાન્સિંગ ફૂડ પ્રોસેસિંગ ફોર એમ્પ્લોયમેન્ટ જનરેશન એન્ડ સસ્ટેનેબલ ગ્રોથ ઇન સાઉથ એશિયા" શીર્ષક હેઠળ બે દિવસીય પ્રાદેશિક ઉચ્ચ-સ્તરીય નીતિ સંવાદનું આયોજન ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય અને વિશ્વ બેંક જૂથ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યું છે.

ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી પાસવાને ખાદ્ય પ્રક્રિયાને કૃષિ અને સમૃદ્ધિ વચ્ચેનો સેતુ ગણાવ્યો. તેમણે રોજગારીનું સર્જન કરવા, લણણી પછીની ખોટ ઘટાડવા અને ખેડૂતોની આવકમાં સુધારો કરવાની તેની અપાર ક્ષમતા પર ભાર મૂક્યો અને વૈશ્વિક ખાદ્ય પ્રસંસ્કરણ કેન્દ્ર તરીકે ભારતના વધતા કદ પર પ્રકાશ પાડ્યો. મંત્રીએ જણાવ્યું હતું કે સરકાર ભારતને વિશ્વ માટે ખાદ્ય સામગ્રીનો મુખ્ય સ્રોત બનાવવા માટે ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

( BYTE : CHIRAG PASVAN, UNION MINISTER )

નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ અને વિવિધ દક્ષિણ એશિયાઈ દેશોના સંશોધકો સહિત લગભગ 200 સહભાગીઓ સ્થિતિસ્થાપક અને ટકાઉ ખાદ્ય પ્રણાલીઓના નિર્માણ પર ચર્ચા કરવા માટે એકઠા થયા છે.]

આ કાર્યક્રમ દરમિયાન "ભારતમાં ખાદ્ય પ્રક્રિયાના સ્તરનું મૂલ્યાંકન" વિષય પરના અહેવાલનું વિમોચન કરાયું.

# LAKHPATI DIDI

રાજ્યમાં પાંચ લાખથી વધુ મહિલાઓ લખપતિ દીદી બની છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપનીએ રાજ્યમાં 10 લાખ સંભવિત લખપતિ દીદીઓની ઓળખ કરી છે, જેમાંથી 5 લાખ 96 હજાર મહિલાઓ હાલ લખપતિ દીદી બની ચૂકી છે. આ સિદ્ધિ રાજ્યભરમાં મહિલા-કેન્દ્રિત વિકાસની વધતી શક્તિ અને મહિલાઓના આર્થિક સશક્તિકરણની સફળતાને પ્રતિબિંબિત કરે છે.

રાજ્ય સરકારે જિલ્લા અને તાલુકા સ્તરે 124 માસ્ટર ટ્રેનર્સની નિમણૂક કરી છે, જેમને રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવી છે. આ માસ્ટર ટ્રેનરોએ કૃષિ સખીઓ, પશુ સખીઓ અને બેંક સખીઓ સહિત 10 હજારથી વધુ કોમ્યુનિટી રિસોર્સ પર્સન્સને તાલીમ આપી છે, જેનાથી આ યોજનાનું જમીની સ્તરે અમલીકરણ મજબૂત બન્યું છે.

# MEHSANA PRAGATI YATRA

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારના 12 વર્ષ નિમિત્તે મહેસાણા જિલ્લામાં આજે પ્રગતિપથ યાત્રાનું આયોજન કરાયું. જેમાં સરકારના વિકાસલક્ષી કાર્યો, કલ્યાણકારી યોજનાઓની ઝાંખી રજૂ કરાઇ. કલેકટર કચેરી ખાતેથી પ્રગતિપથ યાત્રાને લીલીઝંડી આપ્યા બાદ સાંસદ હરિભાઇ પટેલે પ્રતિક્રિયા આપી.

**( BYTE : HARIBHAI PATEL, MP )**

# BHARUCH ACCIDENT

ભરૂચ જિલ્લાના પાલેજ નજીક હિટ એન્ડ રનની ઘટનામાં બે સગીર બાળકોના મોત થયા છે. ભૂખી ખાડી બ્રિજ નજીક એક અજાણ્યા વાહને બે માસૂમ બાળકોને અડફેટે લેતા દાદા અને પિતાની નજર સામે જ બંને માસૂમોના સ્થળ પર જ મોત નિપજ્યા હતા. અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ફરાર વાહન અને તેના ચાલકને શોધવા તપાસ હાથ ધરી છે.

# JUNAGADH COUNTING

ગીર અભયારણ્યમાં આજથી શાકાહારી પ્રાણીઓની ગણતરી હાથ ધરવામાં આવી છે. ગીરની જૈવિક વિવિધતા અને પર્યાવરણીય સંતુલન માટે શાકાહારી પ્રાણીઓની ભૂમિકા મહત્વની રહી છે ત્યારે વન રક્ષક અને વન અધિકારીઓ સહિત 150 કર્મચારી દ્વારા ચિતલ, સાબર, નીલગાય, જંગલી સુવર, ચિંકારા અને ચારસિંગાની ગણતરી કરવામાં આવી રહી છે. મુખ્ય વન સંરક્ષક ડોક્ટર અક્ષય જોશીએ જણાવ્યું હતું કે ગણતરીમાં આધુનિક ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેથી પ્રાણીઓની સંખ્યા અને ઘનતાના નિશ્ચિત આંકડા પ્રાપ્ત થઈ શકે.

# VALSAD MADAK PADARTH

વલસાડ પોલીસે શેરીમાળ ગામમાંથી માદક પદાર્થના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપીની પૂછપરછના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં તેના સહઆરોપીની પણ ધરપકડ કરી હતી. પોલીસ માદક પદાર્થ એક કિલોગ્રામના જથ્થા સહિત 75 હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આરોપીઓ સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# MAHESANA PRE-MONSOON

મહેસાણા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા  પ્રિ મોન્સૂન કામગીરી અંતર્ગત જિલ્લાના આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રોને 24 કલાક માટે શરૂ કરાયા છે. વન વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, ખેતીવાડી વિભાગ અને જિલ્લા પંચાયત દ્વારા અતિવૃષ્ટિ સર્જાય તો નીચાણવાળા વિસ્તારોના રહીશો માટે આશ્રય સ્થાનો નક્કી કરાયા છે. આકસ્મિક પરિસ્થિતિમાં મદદ માટે મહેસાણા ડિઝાસ્ટર કચેરી નો 02762- 22-22-20 અથવા ટોલ ફ્રી નંબર 1077 ઉપર સંપર્ક કરવા તંત્ર દ્વારા જણાવાયું છે.